Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

15

# કોરોના કાળ બાદ ધોરણ-11 ના વિદ્યાર્થીઓની સોશિયલ મીડિયાના અતિરેકથી અભ્યાસ અને વાંચન પ્રત્યેની અરુચિ દૂર કરવાના ઉપાયો સંદર્ભે અભ્યાસ

સંશોધક

**મુક્તિ સી. પટેલ**

મ.શિક્ષક, ઉ.મા.વિદ્યાલય કસ્બાપાર, નવસારી

માર્ગદર્શક

**ડૉ. બી.એમ. ગોસાઇ**

સુરેન્દ્રનગર યુનિવર્સીટી

**સારાંશ Abstract**

કોરોના કાળમાં વિદ્યાર્થીઓના શિક્ષણમાં સાતત્ય જળવાય રહે અને અભ્યાસથી વિમુખ ન બને એ હેતુથી વિદ્યાર્થીના હિતમાં ઓનલાઇન શિક્ષણનો પ્રકલ્પ અપનાવવામાં આવ્યો. જેમાં શિક્ષણ સાથે સોશિયલ મીડિયા આડપેદાશ રૂપે મળી જેની આડઅસરનો વિદ્યાર્થીઓ સૌથી વધુ ભોગ બની રહ્યા છે.પાઠ્યપુસ્તકને પીડીએફ રૂપે જોવા ટેવાય ગયેલા વિદ્યાર્થીઓના મગજમાં પાઠ્યપુસ્તક અને ઈ-કન્ટેન્ટ વચ્ચે ઠંડુ યુદ્ધ ચાલી રહ્યું છે.પાઠ્યપુસ્તકરૂપી હાર્ડવેર અને ઈ-કન્ટેન્ટ સોફ્ટવેરમાંથી વર્ગખંડમાં લાભદાયી યોગ્ય વિકલ્પની પસંદગી કરી સોશિયલ મીડિયાના હાનિકારક તત્વોથી દૂર રહેવાનો વિવેક જાળવી શકે એ દિશાસૂચક કાર્ય દ્વારા અભ્યાસ અને વાંચન તરફ રુચિ કેળવવી પડશે .

પહેલી નજરે કંટાળાજનક લાગતી વાચન પ્રવૃત્તિ સૌથી રસપ્રદ પ્રવૃત્તિઓમાંની એક છે.વિદ્યાર્થીઓમાં વાચનની આદતને પ્રેરિત કરવા શાળા સમય બાદ મોબાઈલ અને સોશિયલ મીડિયાનો વિવેકપૂર્વક ઉપયોગ, રીસેસ કે પ્રોક્ષી તાસમાં ફાજલ સમયનો વાચનમાં ઉપયોગ કરતાં થાય.વાચન અને પાઠ્યપુસ્તક તરફ રુચિ વધતા શૈક્ષણિક પરિણામમાં સુધારો લાવી શકાય ,રમત ગમતમાં ભાગીદારી વધે, વાંચનના વિષયો ગમતા થાય, વિદ્યાર્થી સાથે વાલીઓ પણ પુસ્તક વાંચન તરફ વળે એ હેતુ પૂર્ણ થઇ શકે.

**1.1 પ્રસ્તાવના**

આજની પેઢી ટેકનોલોજીના મૂળિયાં સાથે બંધાયેલી પેઢી છે એ સ્વીકાર્ય પણ છે. પુસ્તક વાંચનપ્રથા નાબૂદ થતી જાય છે ને ઈ-વાંચનપ્રથા પ્રવેશતી જાય છે ત્યારે તરસ છીપાવવા માટે પાણી અને ઠંડાપીણાં વચ્ચે સંતોષનો જે તફાવત છે એ પુસ્તક વાંચન અને ઈ-વાંચન વચ્ચેનો છે એવી સમજ કેળવવી પડશે.

જીવનમાં કારકિર્દીના પરિપ્રેક્ષ્યમાં પાઠ્યપુસ્તકોને માત્ર પાસ થવાનું સાધન ગણીને એની ઉપેક્ષા કે અવગણના કરવામાં આવે છે.જે પાઠ્યપુસ્તક પ્રત્યેની અવગણના અને બાહ્ય પુસ્તકો પ્રત્યેના પ્રેમને પાંગરવા દેતી નથી. વિદ્યાર્થીઓના વાચન પ્રત્યેના પ્રેમને પ્રોત્સાહિત કરવામાં વાચનને મનોરંજક બનાવવા માતા-પિતા અને શિક્ષકો મદદ કરી શકે.

આજની સળગતી સમસ્યા શિક્ષણકેન્દ્રી બનવાને બદલે અનેક દિશાઓમાં વિકેન્દ્રિત બનેલું માનસ છે. વિકેન્દ્રિત મનને પુસ્તકો તરફ કેન્દ્રિત કરવાનો પ્રયત્ન જ શિક્ષણકેન્દ્રી બનાવી શકે જે સંદર્ભમાં NEP-2020માં જણાવ્યા મુજબ what to think? ની જગ્યાએ how to think?તરફ ગતિ કરવા પ્રકરણ-4માં શાળામાં અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્ર: અધ્યયન સર્વાંગી, અનુબંધિત, આનંદપ્રદ અને પ્રવૃત્તિમય હોવું જોઈએ.એ અંતર્ગત 4.4 થી 4.9 સુધી શીખવાની દિશા તરફ લઈ જવા,ગોખણપટ્ટી દૂર કરવા, અભિવ્યક્ત થવા અનુભવ આધારિત અધ્યયન, વિષયોનો અનુબંધ, આનંદપ્રદ પ્રવૃતિઓ થકી શિક્ષણ મળે એ ધ્યાને લેવામાં આવ્યું છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

### 1.2 સમસ્યા કથન

મોબાઈલ અભ્યાસના સમયને ઉધઈની જેમ કોરી ખાય એ પ્રત્યે સભાન ન હતા તેમજ પાઠય પુસ્તક પ્રત્યેનો અણગમોની સમસ્યા નજરે પડી અને સમસ્યાનું સર્જન અને પ્રયોગ સુઝ્યો જેના કારણ છે..

#મોબાઈલ દફ્તરોમાં ચોરી છૂપીથી લાવવા. #ટુ-વ્હીલર લાવતા હોય તો મોબાઇલને ડીકીમાં મૂકી રાખવો અને રિસેસ કે શાળા છૂટી ગયાબાદ તરત જ હાથમાં લેવો.#પાઠ્યપુસ્તકો ન લાવવા અને લાવે તો શાળામાં બેન્ચ પર જ મૂકી જવા .#ગૃહકાર્ય ભૂલી જવું અને કહેવું કે ટીચર ગ્રુપમાં મૂકી દેજો .#ઘરે ગૃહકાર્ય મોબાઇલમાં છે એવું જૂઠું બોલી મોબાઈલ નો દુરુપયોગ કરવો..

સંશોધકે સમસ્યાને ધ્યાનમા રાખી નીચે મુજબની સમસ્યા પસંદ કરી હતી.

**"કોરોના કાળ બાદ ધોરણ 11 ના વિદ્યાર્થીઓની સોશિયલ મીડિયાના અતિરેકથી અભ્યાસ અને વાંચન પ્રત્યેની અરુચિ દૂર કરવાના ઉપાયો સંદર્ભે અભ્યાસ**

### 1.3 શબ્દોની વ્યાખ્યા

પ્રસ્તુત સંશોધનના શબ્દોની વ્યાખ્યા નીચે મુજબ છે.

### કોરોના કાળ

કોરોના વાઇરસનું બીજું નામ છે COVID - 19 . કોરોના વાઇરસે થોડા જ સમયમાં આખા વિશ્વને પોતાના ભરડામાં લીધું ,મોટી મહાસત્તાઓ અને મેડીસીન ક્ષેત્રે ખૂબ જ સફળતા મેળવનારા દેશોના હથિયાર હેઠા પડ્યાં.આ વાઇરસને લીધે વિશ્વમાં મોતનો વરસાદ શરૂ થયો.આ જોતાં WHO ( વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ) એ આ વાયરસને વૈશ્વિક મહામારી જહેર કરી છે .ડિસેમ્બર ૨૦૧૯ માં ચીનના વુહાન પ્રાંતના એક વાઇરસે જાન્યુઆરી ૨૦૨૦ સુધીમાં સમગ્ર વિશ્વને પોતાના ભરડામાં લઈ લીધું , જેની અસર આજ દિન સુધી છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

**ધોરણ 11**

ધોરણ -9 અને 10 નું માધ્યમિક શિક્ષણ પૂરું કર્યા બાદ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક બોર્ડ દ્વારા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ તરીકે સ્વીકારેલ ધોરણ -11 અને 12 પૈકી ધોરણ -11. પ્રસ્તુત સંશોધનમા ધોરણ-11 સામાન્ય પ્રવાહ નો સમાવેશ કરેલ છે.

**સોશિયલ મીડિયા**

સોશિયલ મીડિયા એક એવું માધ્યમ છે જે અમે ઇંટરનેટની દુનિયા વિશે જણાવે છે. જેમ કે ફેસબુક, વ્હાટસએપ, ટ્વિટર, ઈંસ્ટાગ્રામ, સ્નેપચેટ વગેરે. તેના ઉપયોગથી તમે તમારી વાત દુનિયા સુધી પહોંચાડી પણ શકે છે અને દુનિયા ભરની વાત પણ જાણી પણ શકો છો.

**વાચન**

વાચન એટલે વાચવાની ઢબ, વાચવાની રીત વાચવું તે અથવા ચિહ્નો કે સંજ્ઞાઓનો અર્થ સમજવો. વાચન એટલે લિપિ ચિન્હની ઓળખ અને શબ્દોની સમજ.

**1.4 સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધન નીચે મુજબના હેતુઓને ધ્યાનમા રાખી હાથ ધરવામાં આવ્યું હતું.

1. વિધાર્થીઓનો વાચનમાં રસ કેળવી ફાજલ સમયનો વાચનમાં સદુપયોગ કરી શકે .
2. શીખવાની દિશા તરફ લઈ જવાનો અને વર્તમાન ગોખણપટ્ટી આધારિત અધ્યયનને દૂર કરી મૌલિક અભિવ્યક્તિ કરી શકે.
3. વિધાર્થીઓનો સર્વાંગીણ વિકાસ કરવો.
4. વિધાર્થીઓને પાઠ્યપુસ્તક તરફ વાળી શિક્ષણમાં રુચિ કેળવવી.
5. વિધાર્થીઓ પુસ્તકાલયનો ઉપયોગ કરતા થાય .
6. વિધાર્થીઓ સોશિયલ મીડિયાનો વિવેકપૂર્ણ ઉપયોગ કરતા થાય .
7. વિધાર્થીઓનો વાચનમાં આવતા અવરોધક પરિબળો દૂર કરી માનસિક તણાવ ઓછો કરવો.

### 1.5 સંશોધનની ઉત્કલ્પનાઓ

પ્રસ્તુત સંશોધન નીચે મુજબની ઉત્કલ્પનાઓને ધ્યાનમાં રાખી હાથ ધરવામાં આવ્યું.

1. પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓની મોબઇલનાં ઉપયોગથી અભ્યાસ અને વાચન ટેવ પર થતી અસર પ્રવૃત્તિ પહેલાની પૂર્વ કસોટી અને પ્રવૃત્તિ બાદની ઉતર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

### 1.6 સંશોધનનું મહત્વ

**પ્રસ્તુત સંશોધનનું મહત્વ નીચે મુજબ હતું.**

1. રીસેસ કે પ્રોક્ષી તાસમાં ફાજલ સમયનો પુસ્તક રમતીકરણ અને વાચનમાં ઉપયોગ કરતાં શીખશે.
2. પાઠ્યપુસ્તક તરફ રુચિ વધતા શૈક્ષણિક પરિણામમાં સુધારો આવશે.
3. રમત ગમતમાં ભાગીદારી વધી જેમાં ક્વિઝ, વકતૃત્વ, કાવ્ય રચના સ્પર્ધામાં ભાગ લઇ શકશે.
4. વાંચનના વિષયો ગમતાં થશે.
5. સમગ્ર શાળાના ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ શ્રોતા અને પ્રેક્ષક તરીકે લાભ લઈ બાદ આ પ્રવૃત્તિઓ તરફ આકર્ષાશે
6. તમામ વિદ્યાર્થીઓ શાળાના પુસ્તકાલયનો મુક્ત અને સ્વયં ઉપયોગ કરતાં શીખશે.
7. મોબાઈલ અને સોશિયલ મીડિયાનો વિવેક પૂર્વક ઉપયોગ શીખી વિકલ્પ રૂપે પુસ્તકોની પસંદગી કરશે.
8. પોતાની બચત બેંક માંથી પુસ્તકો ખરીદતા થશે.

**1.7 સંશોધનનું સીમાંકન**

પ્રસ્તુત સંશોધનનું સીમાંકન નીચે મુજબ હતું.

- પ્રસ્તુત સંશોધન નવસારી જિલ્લાની જિલ્લાની શ્રી વી.વી.પી.પી. કસ્બાપાર હાઇસ્કૂલના વિધાર્થીઓ પુરતુ જ મર્યાદિત હતું.
- પ્રસ્તુત સંશોધન નવસારી જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ 11 સામાન્ય પ્રવાહના 50 વિધાર્થીઓ પુરતુ જ મર્યાદિત હતું.
- પ્રસ્તુત સંશોધન નવસારી જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક શાળા પૈકી ગુજરાતી માધ્યમની એક શાળા પુરતુ જ મર્યાદિત હતું.

**1.8 સંશોધન પ્રકાર**

પ્રસ્તુત સંશોધન પ્રાયોગિક પદ્ધતિ પ્રકારનું હતું. પ્રી-ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટ દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવી હતી . પ્રાપ્ત માહિતીનું વિશ્લેષણ અને વર્ગીકરણ કરી અંકશાસ્ત્રીય પૃથકકરણ અને અર્થઘટન દ્વારા તારણો મેળવવામાં આવ્યા.

**1.9 સંશોધનમાં સમાવિષ્ટ ચલો**

પ્રસ્તુત સંશોધનમાં સમાવિષ્ટ ચલોની માહિતી સારણી 1.1 માં દર્શાવી છે.

| ક્રમ | ચલ | કક્ષા | સ્પષ્ટતા |
|---|---|---|---|
| 1. | સ્વતંત્ર ચલ | વિવિધ પ્રવૃત્તિઓ | પરતંત્ર ચલ પર અસર કરતાં પરિબળ નિયમન થઇ શકે છે. |
| 2. | પરતંત્ર | ઉતર કસોટીના પ્રાપ્તાંકો | પ્રતિચાર દર્શાવતો ચલ સ્વતંત્ર ચલ અસરની ચકાસણી માટે ઉપયોગી પરિબળ |
| 3. | અંકુશિત ચલ | શાળા ગુજરાતી માધ્યમ વિધાર્થીઓની સંખ્યા અધ્યયન સમય | સંશોધન માત્ર ગુજરાતી માધ્યમની શાળાના ધોરણ -11 સામાન્ય પ્રવાહના 50 વિધાર્થીઓ પર હાથ ધરવામાં આવ્યું હતું. |

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

### 1.10 વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી

પ્રસ્તુત સંશોધનમાં નવસારી જિલ્લાના ધોરણ 11 ના તમામ વિદ્યાર્થીઓ વ્યાપ વિશ્વ બને છે. સંશોધકે સહેતુક નમૂના પસંદગીથી નવસારી જિલ્લાની શ્રી વી.વી.પી.પી. કસ્બાપાર હાઇસ્કૂલના ધોરણ -11 સામાન્ય પ્રવાહના કુલ 50 વિદ્યાર્થીની પસંદગી કરી હતી.

### 1.11 સંશોધન ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં ઉપકરણ તરીકે મોબઇલની અભ્યાસ અને વાચન ટેવ પર થતી અસર માટે પૂર્વ કસોટીની પ્રશ્નાવલી વિવિધ પ્રવૃત્તિઓનો ઉપયોગ પછી અભ્યાસ અને વાચન ટેવ પર થતી અસર માટે ઉતર કસોટીની કુલ 20 કલમો આધારિત 40 ગુણની પ્રશ્નાવલીનો ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ કસોટીનાં સમાવિષ્ટ બિંદુના વિષયવસ્તુ સમજાવવા માટે પ્રવૃતિનું આયોજન પણ કરવામાં આવ્યું.

### 1.12 પ્રયોગકાર્યની રૂપરેખા

વિદ્યાર્થીનું અભ્યાસ અને વાચન પ્રત્યેનું વલણ હકારાત્મક બને તે માટે નીચે મુજબની વિવિધ પ્રવ્રુતિઓ હાથ ધરવામાં આવી હતી.

| ક્રમ | પ્રવૃતિ | પ્રવિધિ | સામગ્રી/સાધનો | મૂલ્યાંકન | સમય |
|---|---|---|---|---|---|
| 1 | પુસ્તક બાગ | વર્ગખંડમાં લઘુ પુસ્તકાલયનું સર્જન થકી મુક્ત અને સ્વયં ઉપયોગ | કબાટ,બાહ્ય પુસ્તકો | અવલોકન | રીસેસ અને ફ્રી તાસમાં ત્રણ માસ સુધી |
| 2 | પુસ્તક જ્યોતિ | યાદશક્તિ વિકસિત કરવા માટેની મેમરી ગેમ | બાહ્ય પુસ્તક | પ્રવૃત્તિ | દર માસે બે તાસ |
| 3 | સર્ચિંગ ફોર નેટવર્ક | પુસ્તક શોધી પુસ્તકથી પરિચિત થવું. | બાહ્ય પુસ્તક | પ્રવૃત્તિ | દર માસે બે તાસ |
| 4 | આંધળી ખિસકોલી | સ્પર્શેન્દ્રિય થકી પુસ્તક ઓળખવું . | તમામ વિષયના પાઠ્યપુસ્તક | પ્રવૃત્તિ | દર માસે બે તાસ |

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

| | | | | | |
|---|---|---|---|---|---|
| 5 | પુસ્તક પારસમણિ | પુસ્તક સ્પર્શ થકી પાર્સીંગ ધ પુસ્તક પધ્ધતિએ પુસ્તક વાંચન કરશે. | તમામ વિષયના પાઠ્યપુસ્તક,બાહ્ય પુસ્તક,ઘંટડી | પ્રવૃત્તિ | દર માસે બે તાસ |
| 6 | પાઠ્યપુસ્તક જોડકાં જોડો | શૈક્ષણિક જ્ઞાન મેળવી વિષય વસ્તુ સાથે જોડવું . | તમામ વિષયના પાઠ્યપુસ્તક,બાહ્ય પુસ્તક | અવલોકન | દર માસે બે તાસ |
| 7 | પાઠ્યપુસ્તક મૈત્રી | સ્વયં પુસ્તક પાત્ર બની આંતરિક ઝાંખી કરી વિષય ગુણગાન થકી પરસ્પર મૈત્રી કેળવવી . | તમામ વિષયના પાઠ્યપુસ્તક | કાળજી પૂર્વકની ચકાસણી | દર માસે બે તાસ |
| 8 | સર્ફિંગ હટ | દ્રઢીકરણ અને પુનરાવર્તન અર્થે વિદ્યાર્થી વિષય તજજ્ઞ બની પૂર્વ તૈયારી કરી અન્ય વિદ્યાર્થીની વિષય સમસ્યાનું સમાધાન કરશે. | હટ બનાવવી ,ખુરશી ,તમામ વિષયના પાઠ્યપુસ્તક, બાહ્ય પુસ્તક | કાળજી પૂર્વકની ચકાસણી | દર માસે બે તાસ,પ્રોક્ષી તાસ |
| 9 | મને ગમતું પુસ્તક વાર્તાલાપ | વિચાર વાંચનનું વાસ્તવિકીકરણ જેમાં પુસ્તક સમીક્ષા રજૂઆત | બાહ્ય પુસ્તક | અવલોકન | દર માસે બે તાસ |
| 10 | પુસ્તક ભોમિયો | કોડી વડે દાવ લઇ જે તે ખાનાં પર ચિઠ્ઠી ઊંચકી વિષય પુસ્તકના પાનાં નંબર અગત્યના મુદ્દાની સમજ. | તમામ વિષયના પાઠ્યપુસ્તક | પ્રવૃત્તિ | દર માસે બે તાસ,પ્રોક્ષી તાસ |

**પ્રયોગનું અમલીકરણ**

1. સૌ પ્રથમ પૂર્વ કસોટી લેવામાં આવી.
2. પૂર્વ કસોટીને આધારે અઠવાડિયે બે તાસ અને પ્રોક્ષી તાસમાં વિવિધ રમતો શિક્ષકની દેખરેખ અને માર્ગદર્શન હેઠળ કરાવવામાં આવી જેથી વિધાર્થીઓમાં અભ્યાસ અને વાચન પ્રત્યેની અભિરુચિ કેળવાય. વાચનનું મહત્વ સમજાવી ઉપયોગી પુસ્તકોની માહિતી ધ્વારા બાહ્ય વાચનમાં રુચિ કેળવે એવા પ્રયત્ન કરવામાં આવ્યા.
3. વર્ગ વાતાવરણ અને વર્ગ વ્યવહારની ચકાસણી કરી.
4. વધુ રમતો માટેના નવા વિચારો લીધા.
5. વિધાર્થીઓની સોશિયલ મીડિયા અને વાચનની ચકાસણી કરી.
6. ઉતર કસોટી લેવામાં આવી.

**1.13 માહિતી એકત્રીકરણની રીત**

પ્રસ્તુત સંશોધન પ્રાયોગિક પ્રકારનું હતુ. સંશોધકે નવસારી જિલ્લાની વી.વી.પી.પી. કસ્બાપાર હાઈ સ્કૂલનાં ધોરણ -11 સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓ દ્વારા અપાયેલ પૂર્વ કસોટી અને ઉતર કસોટીનાં પ્રાપ્તાંકો જેમાં પ્રયોગ પહેલા મોબાઈલના ઉપયોગથી અને પ્રયોગ પછી વિચાર વાંચનની પ્રવૃત્તિથી થયેલા ફેરફારની પ્રશ્નાવલિ ભરાવી વિધાર્થીઓના અભિપ્રાય લઈ માહિતી એકત્ર કરવામાં આવેલ હતી.

**1.14 માહિતી પૃથક્કરણની રીત**

પ્રસ્તુત સંશોધનમાં માહિતી પૃથક્કરણ માટે હેતુઓ અને ઉત્કલ્પનાઓને ધ્યાનમાં રાખી તેને અનુસાર અંકશાસ્ત્રીય પ્રયુક્તિ નક્કી કરવામાં આવી હતી. પ્રસ્તુત સંસોધનમાં માહિતીનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ કરવા માટે **SPSS પ્રોગ્રામની** મદદથી પ્રાપ્તાંકોની સરાસરી , ટકાવારી , ટી-કસોટી અને પાઇ ચાર્ટ દ્વારા માહિતીનું પૃથક્કરણ કરવામાં આવેલ હતું.

સારણી-1

અભ્યાસ અને વાચન ટેવ ના સંદર્ભે પૂર્વ -ઉતર કસોટીના સિદ્ધિ પ્રાપ્તાંકો


| **કસોટી** | **વિદ્યાર્થીઓ ની સંખ્યા** | **કુલ પ્રશ્નો** | **કુલ ગુણ** | **અપેક્ષિત પ્રતિચારોના ગુણ** | **પ્રવૃત્તિ પછીના પ્રતિચારોના ગુણ** | **ટકાવારી** |
|---|---|---|---|---|---|---|
| પૂર્વ કસોટી | 50 | 20 | 40 | 2000 | 414 | 20.7% |
| ઉતર કસોટી | 50 | 20 | 40 | 2000 | 1394 | 69.7% |

ઉપરોક્ત સારણી પરથી જોઇ શકાય છે કે નવસારી જિલ્લાની શ્રી વી.વી.પી.પી. કસ્બાપાર હાઇસ્કૂલનાં ધોરણ -11 સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અભ્યાસ અને વાચન ટેવના સંદર્ભે પૂર્વ કસોટીના સિદ્ધિ પ્રાપ્તાંકોની ટકાવારી 20.7 % જોવા મળી હતી. જે બતાવે છે કે વિદ્યાર્થીઓની અભ્યાસ અને વાચન ટેવ ખૂબ જ ઓછી છે. જયારે ઉતર કસોટીના પ્રાપ્તાંકોની ટકાવારી 69.7 % જોવા મળી હતી. જે બતાવે છે કે વિદ્યાર્થીઓની અભ્યાસ અને વાચન ટેવ વિકસાવવા હાથ ધરેલ પ્રવૃત્તિ સાર્થક નીવડેલ છે.

સારણી-2

અભ્યાસ અને વાચન ટેવ વિકસાવવા હાથ ધરેલ પ્રવૃત્તિ બાદ થયેલ સુધારાની ટકાવારી

| પૂર્વ કસોટીની ટકાવારી | ઉતર કસોટીની ટકાવારી | ટકાવારીમાં થયેલ સુધારો |
|---|---|---|
| 20.7 | 69.7 | 49 |





ઉપરોક્ત સારણી અને આલેખ પરથી જોઈ શકાય છે કે નવસારી જિલ્લાની શ્રી વી.વી.પી.પી. કસ્બાપાર હાઈસ્કૂલનાં ધોરણ -11 સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અભ્યાસ અને વાચન ટેવની ટકાવારીમાં આવેલ સુધારો 49 % હતો જે બતાવે છે કે અભ્યાસ અને વાચન ટેવ વિકસાવવા હાથ ધરેલ પ્રવૃત્તિની ચોક્કસ અસર જોવા મળી હતી.

સારણી-3

પ્રયોગ પહેલા મોબાઈલના ઉપયોગથી અને પ્રયોગ પછી વિચાર વાચનની પ્રવૃત્તિથી થયેલા ફેરફારની પ્રશ્નાવલિ દ્વારા વિદ્યાર્થીઓના અભિપ્રાય દ્વારા મળેલી માહિતીનું પૃથક્કરણ

| કસોટી | સંખ્યા **N** | સરાસરી **MEAN** | પ્રમાણ વિચલન **S.D.** | ટી-મૂલ્ય **T** |
|---|---|---|---|---|
| પૂર્વ કસોટી | 50 | 17.21 | 9.39 | 7.04 |
| ઉતર કસોટી | 50 | 39.51 | 6.33 | |




ઉપરોક્ત સારણી પરથી જોઇ શકાય છે કે પૂર્વ કસોટીની સરાસરી 17.21 છે અને ઉતર કસોટીની સરાસરી 39.51 છે. ટી-મૂલ્ય 7.04 છે જે 0.01 કક્ષાના સાર્થક તફાવતનું 2.58 કરતાં ઊંચું છે. જેથી શૂન્ય ઉત્કલ્પના -1 પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓની મોબઇલનાં ઉપયોગથી વાચન ટેવ પર થતી અસર પ્રવૃત્તિ પહેલાની પૂર્વ કસોટી અને પ્રવૃત્તિ બાદની ઉતર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય નો અસ્વીકાર થાય છે એટલે સાર્થક તફાવત મળ્યો હતો. વળી સરાસરી બતાવે છે કે પ્રયોગ પહેલા મોબાઇલના ઉપયોગથી અને પ્રયોગ પછી વિચાર વાંચનની પ્રવૃત્તિથી થયેલા ફેરફારની અસર જોવા મળી હતી.

વિધાન પ્રમાણે ટકાવારીનું વિશ્લેષણ કરી તારણો મેળવવામાં આવ્યા હતા.

### 1.15 સંશોધનના તારણો

પ્રસ્તુત સંશોધનના તારણો નીચે મુજબ છે.

1. વિધાર્થીઓની વાચન ટેવ વિકસાવવા હાથ ધરેલ પ્રવૃત્તિ સંદર્ભે પૂર્વ કસોટી કરતાં ઉતર કસોટીની ટકાવારી વધુ છે તેથી કહી શકાય કે અભ્યાસ અને વાચન ટેવ વિકસાવવા હાથ ધરેલ પ્રવૃત્તિ અસરકારક હતી.
2. વિચાર વાચન પ્રવૃત્તિ હાથ ધર્યા બાદ 94% વિધાર્થીઓમાં સ્થિરતાથી વાચનની સુટેવ વિકસી હતી.
3. વિચાર વાચન પ્રવૃત્તિ પછી 90% વિધાર્થીઓ બિનજરૂરી ઉપયોગ ઘટ્યો હતો.
4. વિચાર વાચન પ્રવૃત્તિ હાથ ધર્યા બાદ 72% વિધાર્થીઓમાં મોબાઇલની સરખામણીએ પુસ્તક વધુ લાભકારક નીવડ્યું હતું .

5. વિચાર વાચન પ્રવૃત્તિ હાથ ધર્યા બાદ 60% વિદ્યાર્થીઓમાં વાચન ક્ષમતામાં વધારો જોવા મળ્યો હતો .
6. વિચાર વાચન પ્રવૃત્તિ હાથ ધર્યા બાદ 64% વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક અભ્યાસક્રમના વિષય વાચનમાં વધારો થયો હતો .
7. વિચાર વાચન પ્રવૃત્તિ હાથ ધર્યા બાદ 80% વિદ્યાર્થીઓમાં પરીક્ષાના લખાણમાં મૌલિકતાથી લખી શક્યા હતા .
8. વિચાર વાચન પ્રવૃત્તિ હાથ ધર્યા બાદ 80% વિદ્યાર્થીઓમાં વાંચન કૌશલ્ય વિકસ્યું હતું .
9. વિચાર વાચન પ્રવૃત્તિ હાથ ધર્યા બાદ 70% વિદ્યાર્થીઓમાં વાંચવાની ઝડપ વધી હતી .
10. વિચાર વાચન પ્રવૃત્તિ પછી 48% વિદ્યાર્થીઓ એકબીજા સાથે વાતચીતમાં સંવાદિતા ઘટી હતી .
11. વિચાર વાચન પ્રવૃત્તિ હાથ ધર્યા બાદ 70% વિદ્યાર્થીઓમાં વ્યવહારમાં વપરાતી તળપદી ભાષાનો ઉપયોગ ઓછો જણાયો હતો .
12. વિચાર વાચન પ્રવૃત્તિ હાથ ધર્યા બાદ 62% વિદ્યાર્થીઓમાં શુદ્ધ શબ્દ પ્રયોગમાં વધારો જોવા મળ્યો હતો.
13. વિચાર વાચન પ્રવૃત્તિ હાથ ધર્યા બાદ 88% વિદ્યાર્થીઓમાં પરીક્ષાના પરિણામમાં સુધારો જોવા મળ્યો હતો.
14. વિચાર વાચન પ્રવૃત્તિ હાથ ધર્યા બાદ 88% વિદ્યાર્થીઓમાં વિવિધ વિષયોના મુદ્દાની સ્પષ્ટતા જોવા મળી હતી .
15. વિચાર વાચન પ્રવૃત્તિ હાથ ધર્યા બાદ 92% વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસમાં વધારો જોવા મળ્યો હતો.
16. વિચાર વાચન પ્રવૃત્તિ હાથ ધર્યા બાદ 68% વિદ્યાર્થીઓમાં સમૂહમાં નીડરતાથી પોતાનું મંતવ્ય રજૂ કરતા જણાયા હતા .
17. વિચાર વાચન પ્રવૃત્તિ હાથ ધર્યા બાદ 80% વિદ્યાર્થીઓ જીવનમાં હકારાત્મક અભિગમ કેળવી શક્યા હતા.

**18.** વિચાર વાચન પ્રવૃત્તિ હાથ ધર્યા બાદ 82% વિદ્યાર્થીઓમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ વિશેની સમજ જોવા મળી હતી .

**19.** વિચાર વાચન પ્રવૃત્તિ હાથ ધર્યા બાદ 86% વિદ્યાર્થીઓને આગામી જીવનના લક્ષ્યની સ્પષ્ટતા મળી હતી .

**20.** વિચાર વાચન પ્રવૃત્તિ હાથ ધર્યા બાદ 94% વિદ્યાર્થીઓ વિચારોને નિયંત્રિત કરી યોગ્ય દિશામાં વિચારી શકયા હતા .

**21.** વિચાર વાચન પ્રવૃત્તિ હાથ ધર્યા બાદ 94% વિદ્યાર્થીઓ વિચારોને નિયંત્રિત કરી યોગ્ય દિશામાં વિચારી શકયા હતા .

### 1.16 શૈક્ષણિક ફલિતાર્થો

પ્રસ્તુત સંશોધનના ફલિતાર્થો આ મુજબ છે.

1. શાળાના શિક્ષકોએ વિદ્યાર્થી વધુ પડતો સોસિયલ મીડિયાનો ઉપયોગ કરતો હોય ત્યારે તેને સર્જનાત્મક પ્રવૃત્તિ દ્વારા વાચન તરફ વાળવા જોઈએ.
2. વાચન માટેની સર્જનાત્મક પ્રવૃત્તિ વિદ્યાર્થીની ક્ષમતાઓ અને રૂચિને ધ્યાનમાં લઈને નક્કી કરવી જોઈએ.
3. વાચન માટેનું યોગ્ય વાતાવરણ નિર્માણ કરવું અને વિદ્યાર્થીઓને વાચનમાં રસ પડે તેવી પ્રવૃત્તિ હાથ ધરવી જોઈએ.

### 1.17 સમાપન

પ્રસ્તુત સંશોધન ધોરણ-11 નાં વિદ્યાર્થીઓની વાચન ટેવ વિકસાવવા હાથ ધરેલ પ્રવૃત્તિ સંદર્ભે હાથ ધરવામાં આવ્યું હતું. વિવિધ પ્રવૃતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આશા રાખું છું કે આ સંશોધનના તારણો અને પરિણામોને ધ્યાનમાં રાખીને અનુકાર્ય કરવામાં આવશે તો ચોક્કસ સારું પરિણામ મળશે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

## સંદર્ભ સૂચિ

Best, John W. (1966). Research In Educational. New Delhi: Prentice Hall of India Pvt. Ltd.

Borg, W. R. & M. D. Gall (1983). Educational Research: An Introduction. New York: Longman Book Co.

Grrett, Henry E. (1965). Statistics In Psychology and Education. New York: Longman Green & Co.

દેસાઇ, એચ. જી. અને કે. જી. દેસાઇ (1997). સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ (છટ્ઠી આવૃત્તિ). અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

દેસાઇ, કે. જી. અને અન્ય (૧૯૮૪). શૈક્ષણિક પરિભાષા અને વિભાવના. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.